# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૨૫-A તા.૦૭-૦૩-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- વિદ્યાર્થીઓના આધારનંબર-બેંક ખાતા લીંક કરાવવા બાબત.

સંદર્ભ :- (૧) અધિક મુખ્ય સચિવશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના તા.૧૫/૦૨/૨૦૨૩ના ક્રમાંક-SJED/ASO/172022/50/G.

(૨) નં.ના.નિ/અજાક/શિક્ષણ/૨૦૨૨-૨૩/૧૦૦૬ થી ૧૦૧૦ નાયબ નિયામક અનુ.જાતિ કલ્યાણની કચેરી,અમદાવાદનો તા.૦૨/૦૩/૨૦૨૩નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ભારત સરકારશ્રીની અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના તથા પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનામાં વર્ષ ૨૦૨૨-૨૩થી શિષ્યવૃત્તિની ચુકવણીમાં ફેરફાર કરવામાં આવેલ છે. કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના ૧૦૦% શિષ્યવૃત્તિ ચુકવણું વિદ્યાર્થીઓને આધારબેઝથી કરવાનું હોવાથી તમામ વિદ્યાર્થીઓના બેંક ખાતા આધારલીંક કરવાના થાય છે તથા વિદ્યાર્થીઓના બેંક ખાતામાં DBT Payment Enable પણ કરવાનું હોય અમદાવાદ જિલ્લાની તમામ બેંક શાખામાં વિદ્યાર્થીઓ તરફથી રજૂઆત ધ્યાતે લઇ તેઓની બેંક ખાતા-આધાર લીંક કરવા તથા આધારબેઝથી પેમેન્ટ કરવા માટે DBT Payment Enable કરી આપવા આપની કક્ષાએથી તમામ સંબંધિત બેંકોને સુચના આપશો. જેથી કરીને અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને સમયસર શિષ્યવૃત્તિનું ચુકવણું કરી શકાય. જેની નોંધ લેશો.

તા.૦૭-૦૩-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી